| કુલ ગુણ | 100 |
|---|---|

212078

# CCC EXAM - 2021

**Exam Date : 27 March, 2021** **Time : 12:00 PM to 1:30 PM**

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક: 2 1 2 0 7 8

પરીક્ષાનો બ્લોક નંબર: 9

પરીક્ષાર્થીની સહી: $$$$$

બ્લોક સુપરવાઇઝરની સહી: m.m.p

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | સદર સુચનાઓ કાળજીપૂર્વક વાંચો અને પ્રશ્નોના જવાબ દર્શાવેલ વર્તુળોને ઘાટા કરીને આપો. તમામ પ્રશ્નો બહુવૈકલ્પિક છે. દરેક પ્રશ્ન નીચે જવાબના ચાર વિકલ્પ આપેલ છે. જેમાં એક વિકલ્પ સાચો છે. ઉમેદવારે સાચો વિકલ્પ પસંદ કરવાનો છે. અને **OMR** માં સંબંધીત અક્ષરનું વર્તુળ ઘાટું કરવાનું છે.<br>ઉદાહરણ તરીકે **1)** અમદાવાદ કયા રાજ્યનું શહેર છે ?<br>Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ<br>ઉપરોક્ત ઉદાહરણમાં સાચો જવાબ **(C)** છે તેથી **(C)** વર્તુળને ઘાટુ કરવામાં આવેલ છે. જવાબમાં **Gujarat** લખાશે નહીં. |
| (11) | દરેક ખોટા જવાબ માટે નેગેટીવ માર્કીંગ રહેશે. ઉમેદવારના કુલ ગુણમાંથી પ્રશ્ન દિઠ ૦.૨૫ ગુણ કપાશે જે ઉમેદવારે **"E"** વિકલ્પ પસંદ કરેલ હશે તો નેગેટીવ માર્કીંગ ગણવામાં આવશે નહીં. છતાં બધા વિકલ્પ કોરા રાખેલ હશે તો ૦.૨૫ ગુણ કપાશે. |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં પ્રશ્નપત્રનો **SET** દર્શાવી તે અનુસારના વિકલ્પનું વર્તુળ કાળુ (Encode) અચૂક કરવાનું રહેશે. |

SEAL

1. ગુણોત્સવ 2.0 ને કયા કાર્યક્રમ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે ?

(A) સ્કૂલ મોનિટરીંગ (B) સ્કૂલ એક્રેડિટેશન

(C) સ્કૂલ ઈનોવેશન (D) સ્કૂલ ઈન્સપેક્શન

2. '3030STEM' કાર્યક્રમનો ઉદ્દેશ ........

(A) પાઠ્યક્રમની સાથે ગણિત અને વિજ્ઞાનની વિશેષતાઓ જાણી વર્ગખંડને જીવંત બનાવવાનો છે.

(B) પાઠ્યક્રમ સાથે ભાષા અને સામાજિક વિજ્ઞાનની વિશેષતાઓ જાણી વર્ગખંડને જીવંત બનાવવાનો છે.

(C) ધો. 6 થી 12 ના તમામ શિક્ષકશ્રીઓને પ્રોત્સાહિત કરવાનો છે.

(D) ધો. 6 થી 12 ના વિદ્યાર્થીઓમાંથી પરીક્ષા પ્રત્યેનો ડર દૂર કરવા માટેનો છે.

3 Home Learning અંતર્ગત 'ઘરે શીખીએ' નામની પુસ્તિકા કયા ધોરણના બાળકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે ?

(A) ધોરણ 6 થી 8 (B) ધોરણ 3 થી 8

(C) ધોરણ 1 થી 12 (D) ધોરણ 1 થી 8

4 YEC ની પ્રવૃત્તિઓમાં નીચેનામાંથી કઈ પ્રવૃત્તિનો સમાવેશ થતો નથી ?

(A) જળશક્તિ (B) સ્વચ્છ ભારત અભિયાન

(C) ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ (D) શેરી શિક્ષણ

5 હોમલર્નિંગના સમયગાળા દરમિયાન નવેમ્બર - 2020 માં ધો. 5 ના બાળકને દૈનિક કેટલા રૂપિયા કુકીંગ કોસ્ટ ચૂકવવામાં આવેલ છે ?

(A) 4.97 (B) 7.45

(C) 7.54 (D) 4.79

6 ઓનલાઈન લર્નિંગ માટેની માર્ગદર્શિકા PRAGYATA એ કોના દ્વારા બહાર પાડવામાં આવેલ છે ?

(A) ભારત સરકાર (B) NCERT

(C) GCERT (D) સમગ્ર શિક્ષા અભિયાન

7 ગુણોત્સવ 2.0 અંતર્ગત જ્યારે કોઈ શાળાના શિક્ષકો દ્વારા વર્ષ દરમિયાન 6 થી 7 પુસ્તકો વાંચવામાં આવેલા હોય તો સ્કૂલ ઈન્સપેક્ટર (SI) દ્વારા આ માપદંડ માટે કેટલા ગુણ આપવામાં આવશે ?

(A) 4 (B) 3

(C) 2 (D) 1

8 ગુણોત્સવ 2.0 માં ટેક્નોલોજીનો ઉપયોગ એ પેટાક્ષેત્રને કયા મુખ્ય ક્ષેત્ર અંતર્ગત સમાવવામાં આવેલ છે ?

(A) સંસાધનો અને તેનો ઉપયોગ (B) અધ્યયન અને અધ્યાપન

(C) શાળા (D) ત્રણેય પૈકી એક પણ નહિ

9 'પ્રતિભાશાળી શિક્ષણ પ્રમાણપત્ર' સંદર્ભે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ?

(A) શિક્ષકની ન્યુનતમ સેવા ધ્યાને લેવાની રહેશે.

(B) ક્લસ્ટરદીઠ અને સત્રદીઠ ત્રણ શિક્ષકની પસંદગી કરવાની રહેશે.

(C) કમાન્ડ એન્ડ કંટ્રોલમાંથી મળેલ ડેટાના 100% ભારાંક મુજબ જ પસંદગી કરવી.

(D) શિક્ષકને તેમના સેવાકાળ દરમિયાન એક જ વખત આ પ્રમાણપત્ર મળવાપાત્ર રહેશે. •

10 GCERT દ્વારા વિદ્યાર્થીઓમાં High Order Thinking Skills વિકસાવવાના પ્રયાસરૂપે કયા શીર્ષક હેઠળ HOTS વિકસાવતા પ્રશ્નો રજૂ કર્યા છે ?

(A) એક કદમ આગળ
(B) ટીમ-ટીમ તારા
(C) ઘરે શીખીએ •
(D) મિશનવિદ્યા

11 DIKSHA પોર્ટલ કે એપના માધ્યમથી National Initiative for School Heads' and Teachers' Holistic Advancement ની કેટલા મોડ્યૂલનની ઓનલાઇન તાલીમ આપવામાં આવી ?

(A) 11
(B) 27
(C) 18 •
(D) 21

12 શ્રેષ્ઠ અને નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિઓના આદાન - પ્રદાન માટેનો કાર્યક્રમ એટલે.......

(A) School Innovation Programme
(B) School Twinning Programme •
(C) Wash in School Programme
(D) ત્રણેય પૈકી એક પણ નહિ

13 વર્કપ્લેસ એપ્લિકેશનનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) કમાન્ડ એન્ડ કન્ટ્રોલ •
(B) સમગ્ર શિક્ષા અભિયાન
(C) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(D) જીસીઈઆરટી

14 વિનામૂલ્યે પાઠ્યપુસ્તકોની માંગણી કરવા માટે શેના દ્વારા માહિતી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે ?

(A) Online Textbook System •
(B) Online Textbook Indent System
(C) Online Textbook Request System
(D) Online Textbook Registration System

15 પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતી સંયુક્ત શાળા ગ્રાન્ટ બાબતે શું સાચું નથી ?

(A) દરેક શાળાને સરખી ગ્રાન્ટ મળે છે. •

(B) શાળા વિકાસ અને શાળા રીપેરીંગ એમ બે પ્રકારની ગ્રાન્ટ મળે છે.

(C) વિદ્યાર્થીની રજિસ્ટર સંખ્યા મુજબ ગ્રાન્ટ મળે છે.

(D) શાળાની જરૂરિયાત મુજબ ગ્રાન્ટ મળે છે.

16 પ્રાથમિક શાળાઓનું દર માસને અંતે ભરવામાં આવતું માસિક પત્રક અને શિક્ષકોનું પગારબિલ કયા પોર્ટલ પર ઓનલાઇન ભરવામાં આવે છે ?

(A) SSA
(B) SAS •
(C) SAGUN
(D) SETU

17 શાળાઓમાં વિકસાવવામાં આવેલ પર્યાવરણ પ્રયોગશાળા માટે કેટલા રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવેલ છે ?

(A) ₹ 5,000 (B) ₹ 10,000

(C) ₹ 15,000 (D) ₹ 20,000

18 નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી શિક્ષક અને વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર અંગેની તાલીમ માટે કઈ એપ્લીકેશન શરૂ કરવામાં આવી છે ?

(A) NDMA (B) SSG

(C) FATS (D) FAST

19 શાળા સંયુક્ત ગ્રાન્ટમાંથી 'વોશ ઇન સ્કૂલ' કાર્યક્રમ અંતર્ગત કેટલા ટકા ગ્રાન્ટ વાપરવાનું સૂચવવામાં આવ્યું છે ?

(A) 5% (B) 15%

(C) 10% (D) 20%

20 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને બેઝ આપવા માટેની પસંદગી કરવા માટે કેટલા વિષયના કેટલા ટકા ગુણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા ?

(A) ચાર વિષય, 80% ગુણથી વધુ (B) સાત વિષય, 75% ગુણથી વધુ

(C) પાંચ વિષય, 60% ગુણથી વધુ (D) ચાર વિષય, 75% ગુણથી વધુ

21 પ્રાચીન ભારતના જ્ઞાન અને આધુનિક ભારતમાં તેના યોગદાનનો સમાવેશ NEP-2020 મુજબ કયા વિષય અંતર્ગત કરવાનું સૂચવવામાં આવ્યું છે ?

(A) ભારતની સંસ્કૃતિ (B) ભારતનું જ્ઞાન

(C) ભારતનો વારસો (D) ભારતનો ઇતિહાસ

22 NEP-2020 મુજબ દફ્તર વગરનો 10 દિવસનો સમયગાળો કયા ધોરણના બાળકો માટે નક્કી કરવામાં આવ્યો છે ?

(A) 3 થી 5 (B) 3 થી 8

(C) 6 થી 8 (D) 1 થી 8

23 NEP-2020 મુજબ પ્રમાણભૂત નિર્ધારક સમિતિનાં રૂપમાં કયા રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્રને સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે ?

(A) PARAKH (B) PANKH

(C) PARK (D) PARA

24 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ કયા વર્ષ સુધી સિદ્ધ કરવાનો લક્ષ્યાંક છે ?

(A) 2030 (B) 2035

(C) 2025 (D) 2040

25 NEP-2020 મુજબ 'અયોગ્ય શિક્ષકો - કરાર શિક્ષકો' ની પ્રથા ક્યાં સુધીમાં સમગ્ર દેશમાં બંધ કરવામાં આવશે ?

(A) 2022
(B) 2023
(C) 2024
(D) 2025

26 સમાજમાંથી માર્ગદર્શકોને આકર્ષવા માટે NEP-2020 અનુસાર કયા પ્રોગ્રામ રજૂ કરવામાં આવશે ?

(A) રાષ્ટ્રીય ટ્યુટર પ્રોગ્રામ
(B) રેમેડિયલ ઇન્સ્ટ્રક્શનલ એઇડ્સ પ્રોગ્રામ
(C) A અને B બંને
(D) ત્રણેય પૈકી એક પણ નહિ

27 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ શિક્ષકોને દર વર્ષે સતત વ્યાવસાયિક વિકાસ માટે ઓછામાં ઓછા કેટલા કલાકની તક આપવાની ભલામણ કરવામાં આવી છે ?

(A) 30 કલાક
(B) 20 કલાક
(C) 40 કલાક
(D) 50 કલાક

28 ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગ (HECI) નો બીજો આધારસ્તંભ એટલે .........

(A) રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ નિયમનકારી પરિષદ
(B) રાષ્ટ્રીય માન્યતા પરિષદ
(C) ઉચ્ચ શિક્ષણ અનુદાન પરિષદ
(D) સામાન્ય શિક્ષણ પરિષદ

29 NCERT દ્વારા કેટલા વર્ષ સુધીના બાળકો માટે NCPFECCE તૈયાર કરવામાં આવનાર છે ?

(A) 8 વર્ષ સુધીના
(B) 11 વર્ષ સુધીના
(C) 14 વર્ષ સુધીના
(D) 18 વર્ષ સુધીના

30 ભારતની શાસ્ત્રીય ભાષા અને તેનું સાહિત્ય શીખવા માટે કયા ધોરણોના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછાં બે વર્ષનો વિશિષ્ટ વિકલ્પ આપવાનું NEP-2020 માં સૂચવવામાં આવ્યું છે ?

(A) ધો. 6 થી 12
(B) ધો. 6 થી 8
(C) ધો. 9 થી 12
(D) ધો. 3 થી 12

31 જો બાળકની શારીરિક ઉંમર 7 વર્ષ અને 6 માસ છે. જ્યારે તેની માનસિક વય 108 માસ છે તો તેનો બુદ્ધિઆંક કેટલો થશે ?

(A) 110
(B) 120
(C) 105
(D) 100

32 મધ્યસ્થ શોધવાનું સૂત્ર : $L + \frac{\frac{N}{2} - CF}{Fm} \times i$ માં 'CF' એ શું દર્શાવે છે ?

(A) મધ્યસ્થ વર્ગની નિમ્ન સીમા
(B) વર્ગ લંબાઈ
(C) મધ્યસ્થ વર્ગની નીચેના નાના વર્ગની સંચયી આવૃત્તિ
(D) મધ્યસ્થ વર્ગની આવૃત્તિ

33 વર્ણનાત્મક આંકડાશાસ્ત્રમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) મધ્યક
(B) મધ્યસ્થ
(C) કેન્ડલનોટો
(D) પ્રમાણિત વિચલન

34 સ્વાતંત્ર્યનું પરીક્ષણ કરવા માટે નીચેનામાંથી શેનો ઉપયોગ થાય છે ?

(A) T-ટેસ્ટ
(B) કાઈવર્ગ
(C) F-ટેસ્ટ
(D) ઉપરના તમામ

35 આંકડાશાસ્ત્રની પદ્ધતિ 'ચિહ્ન પરીક્ષણ' માટે નીચેનામાંથી કઈ પૂર્વધારણા સાચી નથી ?

(A) માહિતી જોડના સ્વરૂપમાં હોવી જોઈએ
(B) જોડમાં સમાયેલી વ્યક્તિ કે વસ્તુ પરસ્પર સમાન હોવી જોઈએ.
(C) જોડમાં સમાયેલ માહિતીની ફાળવણી સમાન રીતે કરવામાં આવેલી હોવી જોઈએ.
(D) જોડના સભ્યોની બધી જ પરિસ્થિતિ સમાન હોવી જોઈએ.

36 કથન : 'શિક્ષણનું સ્તર સુધારવા માટે શિક્ષકોએ બદલાયેલ પરિસ્થિતિ અનુસાર વર્તવું જોઈએ'- કેળવણી ખાતાનો રિપોર્ટ -

તર્ક : (1) શિક્ષણનું સ્તર હાલ ઉચ્ચકક્ષાનું છે.
(2) શિક્ષણનું સ્તર સુધારવાની શિક્ષકો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

(A) તર્ક 1 સાચો
(B) તર્ક 2 સાચો
(C) તર્ક 1 અને 2 બંને સાચો
(D) તર્ક 1 અને 2 બંને ખોટાં

37 2, 4, 12, 48 ?

(A) 224
(B) 232
(C) 240
(D) 256

38 માહિતીના સૌથી મોટા અને સૌથી નાના અવલોકનોના તફાવતને શું કહેવામાં આવે છે ?

(A) વિસ્તાર
(B) પ્રસારમાન
(C) મધ્યસ્થ
(D) બહુલક

39 જો TOM નો કોડ 48 હોય DICK નો કોડ 27 હોય તો CATTLE નો કોડ શો હશે ?

(A) 93
(B) 61
(C) 91
(D) 65

40 નીચેના વિકલ્પોમાંથી સંબંધિત અક્ષરો પ્રશ્નાર્થની જગ્યાએ ક્યા આવશે તે શોધો ?

EGIK : WUSQ :: DFNJ : ?

(A) XVTR
(B) BDFH
(C) ECGI
(D) SQON

■ નીચેની સારણીનો અભ્યાસ કરી પ્રશ્ન 41 થી 45 ના જવાબો આપો.
કોઈ એક, એક દિવસીય ક્રિકેટ શ્રેણીની છ મેચોમાં ખેલાડીઓ દ્વારા બનાવેલ રનની વિગતો છે.

| મેચ ખેલાડી | A | B | C | D | E | F |
|---|---|---|---|---|---|---|
| સચિન | 52 | 124* | 00 | 110 | 51 | 80 |
| રાહુલ | 80 | 62 | 05 | 90* | 135* | 45 |
| સૌરવ | 05 | 02 | 100 | 55 | 80 | 60 |
| પટેલ | 45 | 51 | 80 | 85* | 35 | 100* |
| કાર્તિક | 78* | 60* | 85* | 72 | 60 | 105 |
| રોહિત | 62 | 38 | 95* | 25 | 105 | 15 |
| * નોટ આઉટ દર્શાવે છે. | | | | | | |

**41** સમગ્ર ક્રિકેટ શ્રેણીમાં સચિન, રાહુલ, અને સૌરવ દ્વારા બનાવેલ રન ક્રમશઃ કેટલા હશે ?

(A) 417, 417, 302
(B) 417, 302, 417
(C) 302, 417, 417
(D) 302, 416, 417

**42** સમગ્ર ક્રિકેટ શ્રેણીમાં સૌથી વધુ વખત નોટઆઉટ રહેનાર ખેલાડી કોણ છે ?

(A) કાર્તિક
(B) સચિન
(C) રાહુલ
(D) રોહિત

**43** સમગ્ર શ્રેણીમાં સરેરાશ ખરાબ દેખાવ કોનો રહ્યો છે ?

(A) કાર્તિક
(B) સચિન
(C) સૌરવ
(D) રોહિત

**44** શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી કોણ છે ?

(A) સચિન
(B) રાહુલ
(C) કાર્તિક
(D) પટેલ

**45** શ્રેણીમાં પટેલ, કાર્તિક અને રોહિત દ્વારા બનાવાયેલા રનોની સંખ્યા ક્રમશઃ છે -

(A) 460, 416, 340
(B) 416, 340, 460
(C) 416, 460, 340
(D) 460, 340, 360

■ **નિમ્નલિખિત ફકરો વાંચી આપેલ પ્રશ્નોના જવાબ કોઈપણ એક વિકલ્પ પસંદ કરી જણાવો.**

બે બહેનપણી બીના અને અનિતા હંમેશા સ્કૂલથી ઘરે જતી વખતે જ્યાં વિદેશી પર્યટકો આવતા હતા તેવા રેસ્ટોરન્ટ પાસેથી પસાર થતી હતી. એક દિવસ જયારે તે આ રેસ્ટોરન્ટ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે એક બહેન ખૂબ સુંદર કપડાં પહેરીને રેસ્ટોરન્ટના મુખ્ય દ્વાર પાસે દોડધામ કરી રહ્યાં હતા તેઓ ટેક્સી રોકવાની સ્ટેન્ડ પાસે રાહ જોઈ રહ્યાં હતા. ત્યાં ઉતાવળમાં તેમના પર્સમાંથી 1,000 રૂા. ની ત્રણ નોટ ઉડીને અનિતાના પગ પાસે ફૂટપાથ પર પડી અનિતા નોટ લેવા ઝૂકી કારણ કે તે મહિલાને નોટ પરત આપી શકે, પરંતુ તેણી એવું કરી શકે તે પહેલાં બીનાએ નોટો પર પગ મૂકી છુપાવી દીધી. અનિતા કોઈ પ્રતિક્રિયા આપી શકે તે પહેલાં જ મહિલા ઉતાવળમાં ટેક્સીમાં બેસી ગઈ અને ઝડપથી ટ્રાફિકમાં દૂર જતી રહી.

અનિતા જલ્દીથી બીના તરફ જોવા લાગી કે જેણે ચતુરાઈથી રૂપિયા પોતાના ફ્રોકના ખિસ્સામાં મૂકી દીધાં હતા. "તું શું કરી રહી છે." "તે પૈસા તારા નથી" એવી તેણે નારાજગી દર્શાવી. "હવે છે" બીના નકલી મુસ્કુરાહટથી બોલી. 'જડેલી વસ્તુ શોધનાર રાખી શકે છે.' આનાથી પરિવારના કેટલાક બિલો ચૂકવી શકાશે અને કેટલાંક પૈસા બચશે તો આપણે સરસ પાર્ટી કરીશું." આ સાંભળી અનિતા હેરાન થઈ ગઈ. "પરંતુ આ પૈસા તારા નથી તે એને ચોરી કરીને મેળવ્યા છે. મારે તારા આ પૈસા સાથે કંઈપણ નથી કરવું." એટલું કહી અનિતા પાછા વળતાં પોતાની બહેનપણીના ચહેરા ઉપર એક ઉલઝન મૂકીને તોફાનની જેમ દૂર જતી રહી.

**46** આ ફકરામાં મહિલા અમીર હોઈ શકે છે. તેવું સૂચિત કયો શબ્દ કરે છે ?

(A) પર્યટક
(B) ભાડાંની ટેક્સી
(C) રેસ્ટોરન્ટ
(D) સુંદર કપડાં પહેરવા

**47** બીજા ફકરામાં નિમ્નલિખિતમાંથી કયું કાર્ય ઉચિત નહોતું ?

(A) તેમને દેખાવવાથી છુપાવવું
(B) બીનાનો નોટો પર પગ મૂકવો.
(C) ચતુરાઈથી પૈસા પડાવવા
(D) અનિતાનું નોટ ઉઠાવવા માટે ઝૂકવું.

**48** આ ફકરા માટે બહેનપણીઓએ ઉચિત કાર્ય કર્યું છે તેવો અંત સો હોઈ શકે ?

(A) બીજા દિવસે બીનાએ અનિતા સાથે પૈસાની ભાગીદારી કરવાની ઓફર કરી.
(B) બીજા દિવસે અનિતાએ બીના સાથે મુલાકાત કરી માંગણી કરી કે તે તેની સાથે પૈસામાં ભાગીદારી કરે.
(C) એક કલાક પછી બીનાએ પોતાનું મન બદલી નાંખ્યું અને અનિતાને પૈસા પરત કરવા મદદ કરવા કહ્યું.
(D) આખરે બંને બહેનપણી આ ઘટના વિશે ભૂલી ગયા અને ફરીથી સારા દોસ્ત બની ગયા.

**49** પોતાની દોસ્તીને નુકસાન પહોંચાડ્યા વગર સ્થિતિનો હલ શોધવા માટે દૂર ચાલ્યા જવાને બદલે અનિતા.........

(A) ટેક્સીનો પીછો કરી શકતી હતી
(B) મદદ માટે બૂમો પાડી શકતી હતી
(C) પોલીસને બીના સાતે વાત કરવા કદી શકતી હતી
(D) બીનાની સાથે સ્થિતિ ઉપર ચર્ચા કરી શકતી હતી

50 કયો શબ્દ બહેનપણીઓના શરૂઆતના સંબંધ માટે સૌથી સુંદર વર્ણન કરે છે ?

(A) દયાળુ (B) સાવચેત

(C) સાવધ (D) સુખદ

આપેલ ફકરો પરથી નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

## Ali's Holiday

Last summer, I travelled to the city to visit my aunt for a week; I didn't know it was a bad choice until I spent some days there. It was dirty. The streets were crowded with cars and buses. Factories were everywhere and some of them were in the city centre. As a result, the air was polluted. When I walked around the city, I saw people throwing garbage in the streets due to not having enough rubbish-bins in the streets. One day, I decided to go to the beach. Actually, I found rubbish everywhere and the water wasn't as clean as I imagined because factories threw their waste water in the ocean. In my aunt's house, I didn't like how my aunt and her children use water. They took long showers, so they squandered water every day. They kept the TV and the lights on all day. My aunt kept the water running while washing the dishes. Her husband overused water every time he wanted to wash his car. I tried to explain to them that overusing water and energy was bad but they didn't care. I got angry about that and decided to go back home before my holidays finished. It was the worst holiday I have ever had.

51 Where did Ali spend his summer holiday ?

(A) in a clean city (B) in a polluted city

(C) in a village (D) on a mountain hill

52 What did Ali advise his aunt's family ?

(A) Keep the lights always on (B) Not to overuse water

(C) Not to watch TV (D) Not to swim in the ocean

53 Did Ali's aunt's family take his advice ?

(A) Not sure (B) Yes

(C) No (D) None of the above

54 Ali got angry and decided to go back early, because

(A) The beach water was not as clean as he imagined.

(B) The streets were crowded with vehicles.

(C) People threw their garbage on the road.

(D) His aunt and her family did not stop overusing energy and water.

55 Find a synonym for the word 'squandered' used in the paragraph.

(A) use
(B) sprinkle
(C) waste
(D) clean

56 પ્રત્યાયન એટલે ........

અ) માહિતી એ સ્રોત પાસેથી લઇને બીજા પાસે પહોંચાડવાની પ્રક્રિયા
બ) વિચારો કે મતને અભિવ્યક્ત કરવા અને તેનું આદાન પ્રદાન કરવું
ક) સંકેતો કે સંદેશાઓને મોકલવાની કે સ્વીકારવાની પ્રક્રિયા
ડ) એક સ્થળેથી બીજા સ્થળ સુધી અર્થનું સંક્રમણ કરવામાં સાધનરૂપ બનતી પ્રક્રિયા

(A) 'અ' અને 'બ'
(B) 'અ', 'બ' અને 'ક'
(C) 'અ', 'બ', 'ક', અને 'ડ'
(D) માત્ર 'અ'

57 નીચેનામાંથી કયું પ્રત્યાયનચક્રનો ભાગ નથી ?

અ) સંકેત નિર્માણ પ્રક્રિયા
બ) સંકેત ઉકેલ પ્રક્રિયા
ક) સંકેત પ્રાપ્તિ
ડ) સ્પષ્ટતા

(A) 'અ'
(B) 'બ'
(C) 'ડ'
(D) એક પણ નહીં

58 અશાબ્દિક પ્રત્યાયનમાં કોનો સમાવેશ થાય છે ?

અ) ચહેરાના હાવભાવ
બ) શરીરના અંગોની સ્થિતિ
ક) હાથ અને પગનું હલનચલન
ડ) આંખોનું હલનચલન

(A) 'અ'
(B) 'બ'
(C) 'અ' અને 'ક'
(D) તમામ

59 પ્રત્યાયનમાં માધ્યમ તરીકે કોણ ભાગ ભજવે છે ?

(A) રેડિયો, ટી.વી.
(B) સંદેશો મોકલનાર
(C) સંદેશ
(D) સાંકેતીકરણ

60 પ્રત્યાયનમાં વિક્ષેપ એટલે ........

(A) સંદેશને અસ્પષ્ટ કરતી બાબત
(B) સ્રોત દ્વારા મોકલાયેલા સંદેશના પરિણામ સ્વરૂપે માહિતી સ્વીકારનારે સ્રોતને મોકલેલો પ્રતિસાર
(C) માહિતી મેળવનાર દ્વારા સંદેશ ઉકેલવાની ક્રિયા
(D) સંદેશ જેને ઉદ્દેશીને મોકલાય છે

61 અધોગામી પ્રત્યાયન એટલે .........

(A) ઉચ્ચ હોદ્દા પર કાર્યકરતા લોકો દ્વારા તેનાથી નિમ્ન હોદ્દા પર કાર્યરત લોકો તરફ સંદેશ મોકલવામાં આવે છે.

(B) નિમ્ન કક્ષાએથી ઉચ્ચ કક્ષાએ થતું સંદેશાઓનું વહન

(C) 'અ' અને 'બ' બંને

(D) ત્રણમાંથી એક પણ નહીં

62 જ્યારે પ્રત્યાયનમાં માહિતી આપનાર સક્રિય હોય અને સ્વીકારનાર નિષ્ક્રિય હોય ત્યારે તે ........ પ્રત્યાયન થયું કહેવાય.

(A) એકમાર્ગી પ્રત્યાયન

(B) દ્વિમાર્ગી પ્રત્યાયન

(C) અસરકારક પ્રત્યાયન

(D) અધોગામી પ્રત્યાયન

63 પ્રત્યાયન નિષ્ફળ જાય છે જ્યારે,

અ) સંદેશ મોકલનાર અને સંદેશ સ્વીકારનાર પ્રત્યાયન હેતુથી વાકેફ ન હોય

બ) સંદેશા વહન માટેનું માધ્યમ યોગ્ય ન હોય.

ક) પ્રત્યાયનમાં સ્પષ્ટતાનો અભાવ હોય.

ડ) બંને અથવા એક પક્ષે માનસિક સ્વાસ્થ્ય યોગ્ય ન હોય.

(A) 'અ'

(B) 'બ'

(C) 'અ', 'બ', 'ક' અને 'ડ'

(D) ચારમાંથી એક પણ નહીં

64 ચોક્કસ હેતુ માટે જ્યારે બે થી વધારે વ્યક્તિઓ ભેગા થઈ ચર્ચા કરે ત્યારે તે .... પ્રત્યાયન થયું કહેવાય.

(A) જૂથ પ્રત્યાયન

(B) સમૂહ પ્રત્યાયન

(C) એકમાર્ગી પ્રત્યાયન

(D) ઉપરમાંથી એકપણ નહીં

65 આંતરિક વૈયક્તિક પ્રત્યાયન એટલે......

(A) વ્યક્તિનું પોતાની જાત સાથેનું પ્રત્યાયન

(B) બે વ્યક્તિઓનું એકબીજા સાથેનું પ્રત્યાયન

(C) લેખિત સ્વરૂપમાં સ્રોત દ્વારા મોકલવામાં આવતો સંદેશ

(D) મૌખિક સ્વરૂપમાં મોકલવામાં આવતો સંદેશ

66 "મારે મન અધ્યયન એટલે મહાવરાની વધુ સ્થાઈ અસરો અને તેનાથી વર્તનમાં થતાં ફેરફારો" આ વ્યાખ્યા કોણે આપી હતી ?

(A) સી.એલ. હલ

(B) ક્રોન બેક

(C) ક્રો એન્ડ ક્રો

(D) ઈ.આર. ગ્રથી

67 પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન અંગેના પ્રયોગો નીચેના પૈકી કોણે કર્યા હતા ?

(A) પાવલોવ

(B) થોર્નડાઈક

(C) સ્કીનર

(D) કોહલર

68 પાવલોવના પ્રયોગમાં ઘંટડીના અવાજથી લાળરસ ઝરવો તેને શું કહેવાય ?

(A) ઉદ્દીપક
(B) અનભિસંધિત પ્રતિચાર
(C) અભિસંધિત પ્રતિચાર
(D) અનભિસંધિત ઉદ્દીપક

69 મેસ્લોએ પોતાનો કયો સિદ્ધાંત રજૂ કર્યો હતો ?

(A) માનવ પ્રેરણાનો સિદ્ધાંત
(B) સિદ્ધિ પ્રેરણા
(C) સહજ વૃત્તિનો સિદ્ધાંત
(D) જાતીય વૃત્તિનો સિદ્ધાંત

70 બુદ્ધિની સમજ આપવા દ્વિ-અવયવ સિદ્ધાંતને કોણે રજૂ કર્યો હતો ?

(A) સ્પીઅરમેન
(B) થોર્નડાઇક
(C) બિને
(D) ટરમેન

71 નીચેના પૈકી શેનો વર્ગ વ્યવહારના ઘટકોમાં સમાવેશ થતો નથી ?

(A) લાગણીનો સ્વીકાર
(B) પ્રશ્નો પૂછવા
(C) કારકિર્દી માર્ગદર્શન આપવું
(D) વિદ્યાર્થીની પહેલ

72 નીચેનામાંથી કયો પ્રશ્ન સ્પષ્ટ અને અસંદિગ્ધ છે ?

(A) બુદ્ધ ક્યારે જન્મ્યા ?
(B) કોને કામ કર્યું છે ?
(C) કયા પરિબળો પ્રબળ હતા ?
(D) છોકરી નાની ક્યાં બેઠી છે ?

73 નીચેના પૈકી કયું અધ્યાપનનું સૂત્ર નથી ?

(A) અમૂર્ત પરથી મૂર્ત તરફ
(B) સરળ પરથી કઠીન તરફ
(C) સાદા પરથી સંકુલ તરફ
(D) જ્ઞાત પરથી અજ્ઞાત તરફ

74 શિક્ષણ - પ્રતિપોષણ - પુનઃ આયોજન - પુનઃ શિક્ષણ - પુનઃ પ્રતિપોષણ - આ સોપાનો દ્વારા કયા પ્રકારનો પાઠ અપાય છે ?

(A) સાદો પાઠ
(B) સમવાય પાઠ
(C) સંયુક્ત પાઠ
(D) માઇક્રોપાઠ

75 પ્રોજેક્ટ પદ્ધતિના કયા સોપાનમાં પ્રોજેક્ટના હેતુઓ નક્કી કરવામાં આવે છે ?

(A) પ્રોજેક્ટ માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ
(B) પ્રોજેક્ટની પસંદગી
(C) પ્રોજેક્ટ કાર્યનું આયોજન
(D) પ્રોજેક્ટનું અમલીકરણ

76 GCERT એક્ઝિક્યૂટિવ બોડીના ચેરમેન હોદ્દાની રૂએ કોણ હોય છે ?

(A) મુખ્યમંત્રી
(B) અગ્રસચિવ (શિક્ષણ)
(C) શિક્ષણમંત્રી
(D) જીસીઈઆરટીના નિયામક

JBBK EDUCATION GROUP

77 સંસ્કૃત અને ગુજરાતી ભાષા વચ્ચે કંઈ બાબત જુદી પડે છે ?

(A) લિંગ
(B) વિભક્તિ
(C) ઉચ્ચાર અનુસાર લેખન
(D) વચન

78 ભારતના બંધારણના આમુખમાં બંધારણ કોને સમર્પિત કરવામાં આવ્યું છે ?

(A) ભારતના સંસદને
(B) ભારતના લોકોને
(C) બંધારણ સભાને
(D) ભારતના રાષ્ટ્રપતિને

79 જૈન ધર્મમાં દિવાળીનું મહત્ત્વ કઈ રીતે સમાવિષ્ટ છે ?

(A) ઋષભદેવે અહિંસાનો સિદ્ધાંત આપ્યો
(B) જૈન ધર્મનો સ્થાપના દિવસ
(C) મહાવીર સ્વામીનો જન્મદિન
(D) મહાવીર સ્વામીનો નિર્વાણ દિન

80 ઓપરેશન વિજય શાની મુક્તિ માટે કરવામાં આવ્યું હતું ?

(A) જૂનાગઢ
(B) જમ્મુ કાશ્મિર
(C) ગોવા, દીવ, દમણ
(D) હૈદરાબાદ

81 વિશ્વ વન દિવસ કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 28 ફેબ્રુઆરી
(B) 21 માર્ચ
(C) 21 એપ્રિલ
(D) 5 જૂન

82 મહિલા સશક્તિકરણ નીતિ ભારત સરકારે કયા વર્ષથી અમલમાં મૂકી ?

(A) 2000
(B) 2001
(C) 2002
(D) 1999

83 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતનો સાક્ષરતા દર કેટલો છે ?

(A) 85.95%
(B) 79.04%
(C) 78.03%
(D) 74.04%

84 ગુજરાત રાજ્યના સ્થાપના સમયે દીપ પ્રાગટ્ય કયા સ્થળે યોજવામાં આવ્યો હતો ?

(A) એનેક્ષી અમદાવાદ
(B) ગૂજરાત વિદ્યાપીઠ
(C) ગાંધી આશ્રમ
(D) નગીનાવાડી, કાંકરિયા

85 ભારતનું રાજચિહ્ન અશોક સ્તંભ કયા સ્થળેથી મળી આવેલ છે ?

(A) સારનાથ
(B) બોધિગયા
(C) કુશીનારા
(D) જૂનાગઢ

86 CAI નું આખું નામ શું છે ?

(A) Computer Assisted Instruction
(B) Computer Aided Instruction
(C) Computer Added Instruction
(D) Computer Aided Information

87 પ્લેગેરીયમ રોકવા કયું સોફ્ટવેર વપરાય છે ?

(A) APS
(B) URKUND
(C) Inflibnet
(D) NODA

88 ADDIF શું છે ?

(A) ઈ-લર્નિંગનો કોર્સ
(B) ઈ-લર્નિંગ માટેનું સોફ્ટવેર
(C) ઈ-લર્નિંગ ડેવલપમેન્ટનું મોડેલ
(D) ઈ-લર્નિંગની વેબસાઈટ

89 કોપીરાઈટ ન હોય તેવા સોફ્ટવેરને શું કહેવાય ?

(A) પબ્લિક ડોમેન સોફ્ટવેર
(B) ઓપન સોર્સ સોફ્ટવેર
(C) ઓપન એસેસ સોફ્ટવેર
(D) ઓપન ફોર પબ્લિક સોફ્ટવેર

90 પોતાના વ્યાવસાયિક વર્તુળમાં જ માહિતી શેર કરવા માટે ફેસબુકનું કયું માધ્યમ પ્રખ્યાત છે ?

(A) ફેસબુક પેજ
(B) મેસેન્જર
(C) ફેસબુક - એસ.એ.એસ.
(D) વર્કપ્લેસ

91 Microsoft Word જેવી સુવિધા આપતી બીજી કઈ વ્યવસ્થા છે ?

(A) ગૂગલ સ્પ્રેડશીટ
(B) ગૂગલ ડોક
(C) ગૂગલ વર્ડ
(D) ગૂગલ માઈક્રો

92 કઈ બાબત અલગ પડે ?

(A) વોટસઅપ
(B) ફેસબુક
(C) ટેલીગ્રામ
(D) મેસેન્જર

93 ક્લાઉડ સ્ટોરેજ માટે નીચેનામાંથી કયું ટૂલ કામનું નથી ?

(A) ડ્રોપબોક્ષ
(B) બેકઅપ એન્ડ સીંક બાય ગૂગલ
(C) વનડ્રાઈવ
(D) હાર્ડ ડ્રાઈવ

94 માઈક્રોસોફ્ટમાં ઓપન થયેલી વિન્ડોને બંધ કરવાની શોર્ટ કી કઈ છે ?

(A) Control + E
(B) Control + W
(C) Control + S
(D) Control + N

95 આંકડાકીય બાબતો સાથે કામ કરવા માટે શું સૌથી વધુ ઉપયોગી છે ?

(A) Microsoft Math
(B) Microsoft Numbering
(C) Microsoft Excel
(D) Microsoft Power and Numbers

96 Microsoft Word માં અંગ્રેજી ડોક્યુમેન્ટ વાંચતી વખતે તમારે કોઈ એક શબ્દનો અર્થ જોવો છે. શું કામ લાગશે ?

(A) Review - Thesaurus
(B) View - Meaning
(C) Review - Spell check
(D) View Spell check

97 Microsoft Excel માં બનાવેલી ફાઇલમાં જિલ્લા, તાલુકા, ગામ, શાળા, આચાર્યનું નામ, શાળાનો ડાયસ કોડ વગેરે લખેલું છે. આ પૈકી તમારે કોઈ એક તાલુકાની શાળાઓની સંખ્યા જાણવી હોય તો શાનો ઉપયોગ કરશો ?

(A) Sort
(B) Ascending
(C) Go to Numbers
(D) Filter

98 વિદ્યાર્થીઓના ગુણ સ્કેન કરવા માટે સ્કેનીંગ ટેબલ (વિદ્યાર્થીના જે તે કસોટીના ગુણ દર્શાવતો કોઠો) માટે શું જરૂરી છે ?

1. સ્કેનીંગ ટેબલનું કદ સમાન હોવું જોઈએ.
2. કોઠામાં દર્શાવેલી વિગત સુવાચ્ય હોવી જોઈએ.
3. સ્કેનીંગ માટેનો કાગળ A3 સાઇઝનો જ હોવો જોઈએ.
4. કાળી કે વાદળી પેનથી લખવું જોઈએ.

(A) 1, 2, 3, 4
(B) 2, 3, 4
(C) 1, 3, 4
(D) 1, 2, 4

99 Microsoft Word ની એક ફાઇલમાં ભૂલથી તમે Ctrl A પછી તરત Delete કી દબાવી દીધી છે. આ ભૂલ સુધારવા માટે શું કરશો ?

(A) Ctrl A પછી Ctrl Z
(B) Ctrl Z
(C) Ctrl R
(D) Ctrl Z પછી Ctrl R

100 કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની ડેટા એન્ટ્રી / સ્કેન અંગે શું સાચું છે ?

(A) સ્કેનીંગ ટેબલમાં જે તે ગુણાંક ઉપર કાળા રંગથી ઘૂંટવું પડે.
(B) સ્કેનીંગ ટેબલમાં લખેલ અંકો પણ સ્કેન થઈ શકે.
(C) એક જ સ્કેનીંગ ટેબલમાં ઘૂંટાયેલું અને લખેલા અંકો એક સાથે સ્કેન થઈ શકે.
(D) ઉપરના તમામ

◆◆◆

JBBK EDUCATION GROUP